## ગ્રાહકફરિયાદનિવારણફોરમ, જુનાગઢ

પશ્ચિમગુજરાતવીજકંપનીલીમીટેડ
સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧
ફોનનં. : ૦૨૮૫ –૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : www.pgvcl.com
CIN:U40102GJ2003SGC042908

પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૧૨/ક્વા-૦૧/૨૦૨૨-૨૩ / 473 તા.

<u>રજી.એડી./સ્પીડ પોસ્ટ/કુરિયર મારફત</u>

22 AUG 2022

પ્રતિ,
ડાંગર વિક્રમ નારણભાઈ
શિવપરા,શેરી નં.-૯,
બ્રહ્મસમાજ ચોક,રૈયા રોડ,
જી. :રાજકોટ, પીનકોડ. :૩૬૦૦૦૭ મોબાઈલ : ૯૮૨૫૨૨૨૬૩૫

**વિષય :** અમારી માલિકીની જગ્યા ગામ સુમરા માં આપની કચેરી દ્વારા ગેર કાયદેસર રીતે અપાયેલ વીજ જોડાણ રદ કરવા બાબત.

**સંદર્ભ :** ડાંગર વિક્રમ નારણભાઈ ની રજુઆત તારીખ: ૧૭.૦૧.૨૦૨૨
( અત્રેનાફોરમનીનોંધણીનંબર : ૦૧૨/ક્વા-૦૧/૨૦૨૨-૨૩)

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

(ડી.એસ.રાજપાલ)
કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., જુનાગઢ

બિડાણ : ઉપર મુજબ.
નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, જામનગર

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, જામનગર ગ્રામ્ય

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(3) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, ધ્રોલ

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Junagadh

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : forumjunagadh.pgvcl@gebmail.com

CIN:U40102GJ2003SGC042908


પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૨/ફ્વા-૦૧/૨૦૨૨-૨૩/ 473 તા..

22 AUG 2022

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૧૨/ફ્વા-૦૧/૨૦૨૨-૨૩**

અરજદાર: શ્રી ડાંગર વિક્રમ નારણભાઈ ગામ – રાજકોટ

સબડીવીઝન: ધ્રોલ

:: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી, જામનગર ગ્રામ્ય

:: કોરમ ::

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી એન.સી.મકવાણા |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |

P.G.V.C.L. Junagadh Consumer Grievance Redressal Forum

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જામનગર

તારીખ: મંગળવાર (૧૯-૦૭-૨૦૨૨)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૧૯-૦૭-૨૦૨૨ (મંગળવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

:: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, આપ શ્રી ને જણાવવાનું કે અમો એ આપણી કચેરી માં અગાઉ પણ તા. ૨૯/૧૦/૨૧ ની અરજી થી આપ શ્રી ને વીજ જોડાણ રદ કરવા જાણ કરેલ છે આમછતાં આપના દ્વારા આશરે ત્રણ માસ જેવો સમય વીતી જવા છતાં મારી અરજી અન્વયે આપના દ્વારા કોઈ નિકાલ કરવામાં આવેલ નથી તેવું સ્પષ્ટ છે. આપ શ્રી ને જણાવવાનું કે અમારી સુમરા ગામે જમીન રે.સ.નં.- ૧૮૦/૧ આવેલી છે. આ જમીન માં આજ ગામ ના ઠાકરશીભાઈ મોહનભાઈ ને આપણી કચેરી દ્વારા ગ્રાહક નંબર ૩૧૯૨૨/00334/૪ થી ઘર વપરાશ નું વીજ જોડાણ તેના રજુ કરવામાં

આવેલ ગેર કાયદેસર આધાર પુરાવા ઓ લઇ વીજ જોડાણ આપી દીધેલ છે. આ માટે અમોએ તમને પુરાવા સાથે અરજી આપેલ હોવા છતાં આપ ના દ્વારા આજ સુધી કોઈજ કાર્યવાહી કરવામાં આવેલ નથી આનો સીધો અર્થ એવો પણ થઇ શકે કે આપશ્રી ની કચેરી દ્વારા ગ્રાહક ને સહકાર આપી રહ્યા છો. આ સાથે ફરીથી બધા આધાર પુરાવા જેવા કે ૭/૧૨ ઉતારો, પંચાયત ની હાજરી માં લીધેલ કબુલાત, સ્થળ પર ની માપણી સીટ વગેરે સામેલ કરેલ છે. આથી આપ ને સ્પષ્ટ જણાવવામાં આવે છે કે દિવસ-૧૦ માં આપ દ્વારા અમારી જગ્યા માં અન્ય વ્યકિત ને આપેલ જોડાણ રદ કરવામાં નહિ આવે તો અમો ને સદર વ્યક્તિ સામે લેન્ડ ગ્રેબિંગ ની ફરિયાદ માં તમે મદદગારી કરી રહ્યા છો તેવી રજૂઆત કરવાની ફરજ પડશે જેની ગંભીર નોંધ લેશો. આજરોજ સદર અરજી આપ ની ઉપરના અધિકારી, શ્રી મામલતદાર, ધ્રોલ અને શ્રી. કલેકટર, જામનગર ને પણ મોકલી રહ્યા છીએ જેની પણ ગંભીર નોંધ લેશો. સહકાર ની અપેક્ષા સાથે ફરી ફરી આપ બધા સાહેબ ને નમ્ર અરજ છે કે યોગ્ય ન્યાય અપાવવા વિનતિ છે. આમ અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 ઉપરોકત વિષયે જણાવવાનું કે ફરીયાદી શ્રી ડાંગર વિક્રમ નારણભાઇ ગામ: સુમરા, તા. ધ્રોલ, જી: જામનગર કે જેઓએ નામદાર ગ્રાહક ફોરમમાં ફરીયાદ કરેલ જેની વિગત નીચે મુજબ છે.

૧) મુળ અરજદારનુ નામ : શ્રી ડાંગર વિક્રમ નારણભાઇ ગામ: સુમરા, તા. ધ્રોલ, જી: જામનગર
૨) ફરીયાદીનુ નામ અને સરનામુ : શ્રી ડાંગર વિક્રમ નારણભાઇ ગામ: સુમરા, તા. ધ્રોલ, જી: જામનગર
૩) ફરીયાદ અરજી તારીખ : તા. ૧૭.૦૧.૨૦૨૨
૪) ગ્રાહકનુ નામ, સરનામુ : શ્રી ઠાકરશીભાઇ મોહનભાઇ સંઘાણી, ગામ : સુમરા, તા. ધ્રોલ, જી : જામનગર.
૫) ગ્રાહક નંબર અને કેટેગરી : ૩૧૯૨૨-૦૦૩૩૪-૪ RGPR
૬) કનેકશન રીલીઝ તારીખ : ૦૧.૦૧.૨૦૧૧

સહવિનય સાથ ઉપરોકત વિષય તથા સંદ્રર્ભ અન્વયે આપ સાહેબને જણાવવાનુ કે ફરીયાદી શ્રી ડાંગર વિક્રમ નારણભાઇ ગામ: સુમરા, તા. ધ્રોલ, જી: જામનગર કે જેઓએ નામદાર ગ્રાહક ફોરમમાં ફરીયાદ કરેલ છે કે તેમની રહેણાંક હેતુ વાળી જમીન ઉપર સુમરા ગામના રહેવાસી શ્રી ઠાકરશીભાઇ મોહનભાઇ સંઘાણીએ પીજીવીસીએલ સમક્ષ ગેરરજુઆત કરી ખોટા બોગસ બનાવટી દસ્તાવેજો રજુ કરી રહેણાંક હેતુ માટેનુ વિજ કનેકસન ગ્રાહક નંબર ૩૧૯૨૨-૦૦૩૩૪-૪ થી કનેકશન મેળવેલ છે, તેવી ફરીયાદ નોંધાવેલ છે. સદર ફરીયાદ બાબતે ધ્રોલ ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી દ્વારા તેમના પત્ર ક્રમાંક નંબર ધ્રોલ ગ્રામ્ય/રેવ/૨૦૨૨/૨૭૦ તા. ૧૧.૦૨.૨૦૨૨ થી શ્રી ડાંગર વિક્રમ નારણભાઇ ને જવાબ પાઠવેલ છે.

3.1 સદર ફરીયાદ બાબતે ધ્રોલ ગ્રામ્ય પેટા વિભાગીય કચેરીના નાયબ ઇજનેર દ્વારા તા. ૨૮.૦૬.૨૦૨૨ નાં રોજ સ્થળ મુલાકાત લીધેલ અને તે સમયે કનેકશન ધારક શ્રી ઠાકરશીભાઇ મોહનભાઇ સંઘાણી હાજર હતા અને તેઓને સદર બાબતે પુછતા તેઓ જણાવે છે કે શ્રી ડાંગર વિક્રમ નારણભાઇ ની અરજી બાબતે અમોને જાણ છે અને અમોને મૌખીક જણાવેલ છે. શ્રી વિક્રમભાઇ નારણભાઇ ડાંગર દ્વારા અલગ-અલગ બે વખત તેમની સંયુકત જમીનની માપણી કરાવેલ છે તેમાં અમારા મકાનનુ જુદુ જુદુ દબાણ આવેલ છે એટલે કે

P.G.V.C.L. Junagadh Consumer Grievance Redressal Forum



P.G.V.C.L. Junagadh Consumer Grievance Redressal Forum

અમારૂ મકાન દબાણમાં આવતુ નથી તેમ શ્રી ઠાકરશીભાઇ મોહનભાઇ સંઘાણી જણાવેલ છે. હાલ શ્રી ઠાકરશીભાઇ મોહનભાઇ સંઘાણી એ પોતાના મકાનની માપણી માટે અરજી કરેલ છે જે માપણી થયા બાદ અમો અમારા મકાનની માપણી ધ્રોલ ગ્રામ્ય પેટા વિભાગીય કચેરીએ રજુ કરી આપીશુ અને સદર ફરીયાદ પરથી પ્રાંત કચેરી ધ્રોલના અધિકારી તથા સુમરા ગામના રેવન્યુ તલાટી મંત્રીશ્રી અમારૂ નિવેદન લઇ ગયેલ છે તેમ જણાવેલ છે. તેથી ધ્રોલ ગ્રામ્ય પેટા વિભાગીય કચેરીના નાયબ ઇજનેરે મામલતદારશ્રી ધ્રોલનો રૂબરૂ તથા ટેલીફોનીક સંપર્ક કરતા તેઓએ જણાવેલ કે સુમરા ગામના શ્રી ડાંગર વિક્રમ નારણભાઇની સંયુકત માલીકીની જમીનમાં દબાણ બાબતે કાર્યવાહી ચાલુ છે તેમ જણાવેલ છે. ધ્રોલ ગ્રામ્ય પેટા વિભાગીય કચેરીના નાયબ ઇજનેર દ્વારા મામલતદારશ્રી- ધ્રોલને ઉપરોકત બાબતે તા. ૨૩.૦૬.૨૦૨૨ નાં રોજ પત્ર લખેલ છે કે સદર જમીન દબાણ બાબતે જે કાર્યવાહી કરવામાં આવેલ હોય તેની જાણ અત્રેની કચેરીએ કરવા જણાવેલ છે પરંતુ મામલતદારશ્રી- ધ્રોલ તરફથી કોઇ પ્રત્યુતર આજ દિવસ સુધી મળેલ નથી. ત્યાર બાદ ધ્રોલ ગ્રામ્ય પેટા વિભાગીય કચેરીના નાયબ ઇજનેર દ્વારા મામલતદારશ્રી- ધ્રોલનો રૂબરૂ સંપર્ક કરતા તેઓ દ્વારા જણાવેલ છે કે હાલ સદર બાબતે કાર્યવાહી ચાલુ છે પુર્ણ થયે વિગતવાર જવાબ આપી શકાય તેવુ જણાવેલ છે.

૩.૨ આથી શ્રી ડાંગર વિક્રમ નારણભાઇની સંયુકત માલીકીની જગ્યામાં પીજીવીસીએલ દ્વારા ગેરકાયદેસર રીતે વીજ જોડાણ આપેલ છે તેવી અરજીનો જવાબ/ કાર્યવાહી શ્રી ઠાકરશીભાઇ મોહનભાઇ સંઘાણી ગામ સુમરા દ્વારા માપણી શીટ રજુ કરે ત્યાર બાદ મામલતદારશ્રી- ધ્રોલ દ્વારા કરેલ કાર્યવાહીનો જવાબ મળ્યા બાદ કરી શકાય. વધુમાં જણાવવાનુ કે સદર વાદ વાળી જમીન/ મકાનમાં દબાણ સાબીત થયે જે તે ખાતા દ્વારા દબાણ હટાવવાની કાર્યવાહી કરવામાં આવશે અને જે તે ખાતા દ્વારા ધ્રોલ ગ્રામ્ય પેટા વિભાગીય કચેરીનો સંપર્ક કરવામાં આવશે અને જો સદર વીજ જોડાણ નડતરરૂપ છે તેવુ જણાવવામાં આવશે તો ધ્રોલ ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી દ્વારા સદર વાદવાળુ વીજ જોડાણ તાત્કાલીક અસરથી ડીસ કનેકસન કરી આપશે. શ્રી ઠાકરશીભાઇ મોહનભાઇ સંઘાણી ગામ સુમરા દ્વારા તા. ૦૧.૦૧.૨૦૧૧ થી રહેણાંક હેતુ માટે કનેકશન ધરાવે છે તો આટલા લાંબા સમયથી કોઇ પણ જાતને વાંધો/ તકરાર શ્રી ડાંગર વિક્રમ નારણભાઇએ લીધેલ નથી. તેમજ જમીન/મકાનના દબાણ બાબતે વાંધા હોય તેના માટે દબાણ નકકી કરવા કોઇ સતા પીજીવીસીએલ ન હોય માટે સદર બાબતે કાંઇપણ નિર્ણય લઇ શકે નહી. ફરીયાદી જણાવે છે કે સદર વિજ જોડાણ રદ કરી નાખવુ પરંતુ વિજળી એ એક આવશ્યક સેવા હોય જે તે ખાતાનો જવાબ મળ્યા સુધી માનવતાના ધોરણે કપાત કરી શકાય નહી.

:: હુકમ ::

૪.૦ અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર બાબતે શ્રી ઠાકરશીભાઈ મોહનભાઈ સંઘાણી ગામ સુમરા દ્વારા તા. ૦૧.૦૧.૨૦૧૧ થી રેહણાક હેતુ માટે કનેક્શન ધરાવે છે. જેને આજે અંદાજે ૧૧ વર્ષ જેવો સમય થઈ ચૂકેલ છે અને આટલા સમય થી અરજદાર શ્રી દ્વારા વાંધો/તકરાર લીધેલ ન હતો. અને હવે છેલા થોડા સમય થી વાંધો લેવામાં આવેલ છે. જેથી લિમિટેશન એક્ટ ની જોગવાઇઓ ને પણ અરજદાર ની તકરાર સુસંગત નથી.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Junagadh

૪.૨ તદુપરાંત જમીન/મકાન ના દબાણ અંગે વાંધો હોય તેના માટે દબાણ નક્કી કરવામાટે ની સતા પીજીવીસીએલ પક્ષકાર પાસે ના હોય. જેથી હાલ સદર બાબતે કોઈપણ નિર્ણય લઈ શકાય નહીં. અને અરજદાર શ્રી ની રજૂઆત માં જણાવે છે કે, સદર વિવાદિત વીજ જોડાણ રદ કરી નાખવું, પરંતુ વીજળી એક આવશ્યક સેવા છે તથા મામલતદાર શ્રી, ધ્રોલ ની કાર્યવાહી હાલ ચાલુ છે જેથી આ બાબતે અરજદારની અરજી સબધિત હાલ કોઈ કાર્યવાહી કરવાની થતી નથી.

૪.3 તે મુજબ અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.૪ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

શ્રી એન.એસ.પંડયા
સ્વતંત્ર સભ્ય

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Junagadh

શ્રી એન.સી.મકવાણા
ચેરપર્સન

નોંધ:-

(૧) અરજદાર સદર હુકમ થી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખ થી દિન-30 માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલશ્રી નું સરનામું : વિધુત લોકપાલની કચેરી, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, કનક રોડ, ત્રિકોણ બાગ, રાજકોટ-૩૬૦૦૦૧

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Junagadh